(અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટ સંચાલિત)

# D. D. Thakar Arts and K. J. Patel Commerce College, Khedbrahma (Sabarkantha)

## (સંસ્થાગત વિકાસ યોજના)

**Institutional Development Plan (IDP)**




### કોલેજની શિક્ષણયાત્રા:

સામાજિક, આર્થિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ ઉત્તર ગુજરાતનો પછાત વિસ્તાર એટલે આજનું ખેડબ્રહ્મા અને પુરાતન બ્રહ્મક્ષેત્ર. આ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણ આપતી સંસ્થાઓનો અભાવ વર્તાતો હતો ત્યારે રાજ્યમાં શિક્ષણવિદ્ તરીકે નામાંકિત આ જ વિસ્તારના આદરણીય આચાર્યશ્રી સ્વ. હરિહર શુક્લ સાહેબની આગેવાની હેઠળ કેટલાક સામાજિક અગ્રણી, જ્ઞાનપિપાસુ અને શિક્ષણના હિતચિંતકોએ ભેગા મળી દઢ મનોબળથી એક ઉચ્ચ શિક્ષણ સંસ્થા સ્થાપી જ્ઞાનરૂપી સરસ્વતીને વહેવડાવવાનો સંકલ્પ કર્યો. જે અંતર્ગત તા. ૧૪.૩.૧૯૮૭ના રોજ અરવલ્લી વિદ્યાભવન ટ્રસ્ટની

સ્થાપના કરી, ટૂંક સમયમાં જ આર્ટસ અને કોમર્સ કોલેજની સ્થાપના માટે ગુજરાત યુનિ. અમદાવાદને જોડાણ માટે અરજી કરવામાં આવી. જે સ્વીકારાતાં કોલેજ માટે મકાનની તાત્કાલિક આવશ્યકતા ઉભી થઈ.

શુભ સંકલ્પોથી શરૂ થયેલી આ સંસ્થાને સંકલ્પ પૂર્તિમાં જાગૃત લોકસમુદાય અને સમાજના વિવિધ ક્ષેત્રના અગ્રણીઓનો સહયોગ મળ્યો. જેમાં સ્વ. શ્રી કોદરભાઈ જીવાભાઈ પટેલ, સ્વ. શ્રી દુર્ગાશંકર દલપતરામ ઠાકર અને ધી ખેડબ્રહ્મા નાગરિક સહકારી બેંકે દુષ્કાળનાં એ વર્ષોમાં ત્રણ-ત્રણ લાખનું માતબર દાન આપતાં ખૂબ જ ટૂંકા ગાળામાં કોલેજના ભવ્ય મકાનનું નિર્માણ શક્ય બન્યું. જેના પરિણામે હરણાવ, ભીમાક્ષી અને કૌશામ્બી નદીના ત્રિવેણી સંગમ પર આવેલ ક્ષીરજામ્બા માતાની ટેકરી પર કોલેજે પોતાના ભવ્ય પરિસરમાં જ તા. ૧૩.૭.૧૯૮૭ ના રોજથી ૧૫૦ વિદ્યાર્થી સાથે શૈક્ષણિક કાર્યની શરૂઆત કરી. તેનો પ્રારંભ સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી સ્વ. શ્રી હરિહર શુક્લના મંગલ પ્રવચનથી થયો. આ સંસ્થામાં આજે ૧૪૦૦ જેટલા વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ મેળવી રહ્યા છે.

આજે જ્ઞાનવિજ્ઞાનની ક્ષિતિજો સતત વિસ્તરતી રહી છે તથા શિક્ષણક્ષેત્રે નવાં નવાં પરિવર્તન આવી રહ્યાં છે ત્યારે તેમની સાથે કદમ મિલાવવા સંચાલક મંડળ સતત તત્પર રહ્યું છે. જે અંતર્ગત RUSAના અનુદાનથી રૂ. ૧ કરોડના ખર્ચે બનેલ નવીન ભવનમાં અદ્યતન ગ્રંથાલય વર્ષ ૨૦૨૧-૨૨થી કાર્યરત થયું છે. વળી, રૂ. ૬૦ લાખના ખર્ચે કોલેજ ભવનનું રિનોવેશન પણ કરાયું છે. શિક્ષણની આ વિકાસ યાત્રા ચાલુ છે અને હજુ ભવિષ્યમાં ઘણી સુવિધાઓ ઉમેરવાનું આયોજન પણ છે.

## -: સંસ્થાગત વિકાસ યોજના :-

### પ્રસ્તાવના:-

સંસ્થાગત વિકાસ યોજના (IDP) એ કોલેજના Vision અને Mission ને પાયાભૂત માને છે અને કોલેજને લાંબા ગાળાની વૃદ્ધિ અને સર્વાંગી વિકાસ માટે દિશાનિર્દેશ આપે છે. અમારી કોલેજના વિઝન અનુસાર વિદ્યાર્થીઓમાં રાષ્ટ્રપ્રેમ, સામાજિક જવાબદારી અને સર્વાંગી વિકાસ માટે જાગૃતિ લાવવી એ મુખ્ય હેતુ છે. આ દિશામાં IDP વિવિધ ક્ષેત્રોમાં સંસ્થાની કામગીરીને મજબૂત કરવા માટે તૈયાર કરવામાં આવી છે.

### વિઝન:

**શિક્ષણ અને સંસ્કારના માધ્યમથી એવા નાગરિકોનું નિર્માણ કરવું કે જે પોતાના વ્યવસાયના વિકાસની સાથે સમાજ અને રાષ્ટ્રના વિકાસ માટે સદા તત્પર હોય.**

## મિશન.

આવનાર વર્ષોમાં એવું નમૂનેદાર વિદ્યાસંકુલ બનાવવું કે જેની ખ્યાતી નાલંદા, તાઝ્શિયા અને વલ્લભી જેવી વિદ્યાપીઠોની જેમ વિશ્વભર માં પ્રસરે.

## મૂળ ઉદ્દેશ્યો

1. પછાત અને આદિવાસી વિસ્તારના મહત્તમ વિદ્યાર્થીઓને ઉચ્ચ શિક્ષણની તકો ઉપલબ્ધ કરાવવી.

2. સંવાદ, નિર્દેશો અને વિસ્તરણ પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક, આર્થિક અને પર્યાવરણીય મુદ્દાઓ અંગે જાગૃતિ ફેલાવવી.

3. વિધ્યાર્હીઓ માટે માહિતી અને ટેકનોલોજીના ક્ષેત્રમાં નવીનતમ પ્રવાહોની જાણકારી આપવી.

4. ભારતીય સંસ્કૃતિમાં રહેલા ઉચ્ચ નૈતિક મૂલ્યોના આધાર પર વિદ્યાર્થીઓમાં આધ્યાત્મિક અને નૈતિક વિકાસ લાવવો.

## 1. શૈક્ષણિક ઉત્તમતા (Academic Excellence)

### ઉદ્દેશ:

ગુણવત્તાયુક્ત શિક્ષણ પ્રદાન કરવું જે રાષ્ટ્રીય અને વૈશ્વિક ધોરણોને અનુરૂપ હોય.

### પ્રવૃત્તિઓ:

* યુનિવર્સીટી દ્વારા સમયાંતરે અધ્યતન થતા અભ્યાસક્રમનો નિયમિતપણે અમલ કરવો અને તેમાં વૈશ્વિક પ્રવાહોને સામેલ કરવા.

* વિદ્યાર્થીઓ માટે પ્રોજેક્ટ આધારિત શિક્ષણ અને ઇન્ટરડિસિપ્લિનરી અભ્યાસ વિકસાવવો.

* વિદ્યાર્થીઓને સહાયક કાર્યક્રમો – મેન્ટરશિપ, નિયમિત ક્લાસ, રીમિડિયલ ક્લાસીસ વગેરે દ્વારા સજ્જ કરવા.

### *સફળતા સૂચકાંક:

* વિદ્યાર્થીઓના પરિણામમાં સુધારો.

* વિદ્યાર્થીઓના સંશોધન, લેખન અને કો-કરિક્યુલર પ્રવૃત્તિમાં વધારો.

## 2. પાયાભૂત ઢાંચાનો વિકાસ (Infrastructure Development)

### ઉદ્દેશ:

અધ્યયન અને શિક્ષણ માટે અનુકૂળ, આધુનિક અને સુવિધાયુક્ત માહોલ ઊભો કરવો.

### પ્રવૃત્તિઓ:

* સ્માર્ટ ક્લાસરૂમ, પ્રોજેક્ટર, ઑડિયો-વિઝ્યુઅલ સાધનો દ્વારા શિક્ષણ.

* ગ્રંથાલયમાં ડિજિટલ રિસોર્સ, ઈ-લાયબ્રેરી અને ઓનલાઈન તેમજ ઓપન ઍક્સેસની ઉપલબ્ધતા.

* રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિ માટે અદ્યતન ઓડિટોરીયમ અને મેદાન.

### *સફળતા સૂચકાંક:

* આધુનિક સાધનો અને ઈ-સાધનો ઉપલબ્ધ.

* વિદ્યાર્થીઓ અને શિક્ષકો તરફથી સંતુષ્ટિ.

## 3. અધ્યાપક વિકાસ (Faculty Development)

### ઉદ્દેશ:

શિક્ષકોની ગુણવત્તા સુધારવી અને સંશોધન કાર્યમાં વધારો કરવો.

### *પ્રવૃત્તિઓ:

* નિયમિત તાલીમ અને વર્કશોપ.

* સંશોધન માટે પ્રોત્સાહન અને એકેડમિક અને નાણાકીય સહાય.

* પ્રદર્શન આધારિત મૂલ્યાંકન અને પુરષ્કાર પ્રણાલી.

### *સફળતા સૂચકાંક:

* સંશોધન પ્રકાશનોમાં વધારો.

* રાષ્ટ્રીય-અંતરરાષ્ટ્રીય સેમીનાર અને વર્કશોપમાં ભાગીદારી.

## 4. વિદ્યાર્થીઓના સશક્તિકરણ અને સહાયતા (Student Empowerment & Support)

***ઉદ્દેશ:**

વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે મદદરૂપ થવું.

***પ્રવૃત્તિઓ:**

* આર્થિક રીતે પછાત વિદ્યાર્થીઓ માટે સરકારી તેમજ કંપની દ્વારા એમ ડબલ શિષ્યવૃત્તિ પ્રાપ્ત થાય તેવા પ્રયત્નો કરવા.

* આવશ્યક જીવનકૌશલ્ય, ડિજિટલ સાક્ષરતા, અને લીડરશિપ તાલીમ.

* કારકિર્દી માર્ગદર્શન અને પ્લેસમેન્ટ સેલ.

***સફળતા સૂચકાંક:**

* રોજગારી અને ઈન્ટર્નશિપમાં વધારો.

* વિદ્યાર્થીઓમાં આત્મવિશ્વાસ અને કૌશલ્ય વૃદ્ધિ.

## 5. સમાજસેવા અને સામાજિક જવાબદારી (Community Engagement)

***ઉદ્દેશ:**

વિદ્યાર્થીઓમાં સમાજ માટે જવાબદારી અને સેવાની ભાવના વિકસાવવી.

***પ્રવૃત્તિઓ:**

* NSS, NCC જેવી પ્રવૃત્તિઓ દ્વારા સામાજિક અને રાષ્ટ્રભાવનાનો વિકાસ.

* NGO સાથે ભાગીદારી અને સામાજિક અભિયાન–સફાઈ અભિયાન, આરોગ્ય જાગૃતિ, અંધ શ્રદ્ધા નિવારણ, વ્યાસન નાબુદી વગેરે દ્વારા લોક જાગૃતિ.

*** સ્થાનિક સમસ્યાઓ માટે વિદ્યાર્થીઓના પ્રોજેક્ટ અને ઉકેલો.**

***સફળતા સૂચકાંક:**

* સામાજિક પ્રવૃત્તિમાં વિદ્યાર્થીઓની ભાગીદારી.

* સમાજ પર થતો સકારાત્મક અસર.

## 6. માહિતી ટેક્નોલોજી અને નવિનતા (Technology & Innovation)

***ઉદ્દેશ:**

શિક્ષણમાં ટેક્નોલોજીનો વધુમાં વધુ ઉપયોગ અને નવીનતા લાવવી.

***પ્રવૃત્તિઓ:**

* ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ અને LMS.

* IT, AI, ડેટા એનાલિટિક્સ જેવા કોર્સ ઉમેરવા.

* ઇ-ગવર્નન્સ અને ડિજિટલ મેનેજમેન્ટ સિસ્ટમ.

***સફળતા સૂચકાંક:**

* સંસ્થા દ્વારા ટેક્નોલોજીનો વ્યાપક ઉપયોગ.

* ટેક્નોલોજી આધારિત શિક્ષણની કાર્યક્ષમતા.

## 7. આર્થિક સાવચેતી અને સંસાધનોનું સંચાલન (Financial Sustainability)

***ઉદ્દેશ:**

સંસ્થાની નાણકીય સ્થિરતા અને સંસાધનોનો જવાબદારીપૂર્ણ ઉપયોગ.

***પ્રવૃત્તિઓ:**

* સરકારી ગ્રાન્ટ, અલમ્નાઈ સહયોગ અને CSR મારફતે ફંડ એકત્રિત કરવું.

* ઊર્જા બચત, વેસ્ટ મેનેજમેન્ટ, અને જળસંગ્રહ, સૌર ઉર્જાનો ઉપયોગ કરવો.

***સફળતા સૂચકાંક:**

* ફંડિંગમાં વધારો.

* પર્યાવરણીય અનુરૂપ સંચાલન અને નાણાકીય સ્થિરતા.

***નિષ્કર્ષ:***

આ સંસ્થાગત વિકાસ યોજના (IDP) વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ, શિક્ષણમાં ગુણવત્તા અને સંસ્થાની ટકાઉ વૃદ્ધિ માટે દિશા સૂચવે છે. આ યોજના દ્વારા કોલેજ પોતાનું વિઝન – રાષ્ટ્ર માટે જવાબદારીની ભાવના ધરાવતા નાગરિકો ઊભા કરવાને સાકાર બનાવી શકે છે.

નિયમિત મોનિટરિંગ અને ફીડબેકના આધારે આ IDPને લાગુ કરવામાં આવશે, જેથી સંસ્થા સતત પ્રગતિ તરફ આગળ વધે.




**કો-ઓર્ડીનેટર – IQAC**
**ડૉ. પ્રકાશ આર. ગજ્જર**

**કાર્યકારી આચાર્ય**
**ડૉ. વી. સી. નિનામા**